જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૦૬-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

દહેરાદુનમાં ચુંટણી સભામાં મોદીએ આક્ષેપ કરતા ખળભળાટ

ઓગસ્ટા કાંડ : ઈડી ચાર્જશીટમાં ફેમિલી-એપીની સંડોવણી દેખાઈ

દહેરાદુન

લોકસભા ચુંટણીને લઈને રાજકીય ગરમી વધી રહી છે. ઓગસ્ટા વેસ્ટલેન્ડ કૌભાંડમાં પરિવાર અને અહેમદ પટેલની સીધી સંડોવણી હોવાનો ઘટસ્ફોટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કર્યો હતો. ઈડીએ તેની ચોથ પુરક ચાર્જશીટમાં એવો આક્ષેપ પણ કર્યો હતો કે યુપીએ સરકારમાં મહત્વપૂર્ણ રાજકીય લોકોને જંગી કટકી ચૂકવી દેવામાં આવી છે. ઈડીની ચાર્જશીટમાં જણાવવામાં આવ્યું છે કે ઓગસ્ટા વેસ્ટલેન્ડ કૌભાંડમાં પરિવાર અને અહેમદ પટેલની સીધી સંડોવણી રહેલી છે. મોદીએ આજે દહેરાદુનમાં એક ચુંટણી રેલીને સંબોધીને આકરા પ્રહાર કર્યા હતા. દહેરાદુનમાં રેલીમાં બોલતા મોદીએ ઓગસ્ટા વેસ્ટલેન્ડ વીવીઆઈપી હેલિકોપ્ટર સોદાબાજી કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટના આક્ષેપોનો સીધી રીતે ઉલ્લેખ કર્યો હતો અને આ આક્ષેપોનો ઉપયોગ કોંગ્રેસ અને ગાંધી પરિવાર માટે કર્યો હતો. મોદીએ કહ્યું હતું કે હેલિકોપ્ટર કૌભાંડમાં વચેટિયા દ્વારા કહેવામાં આવી રહ્યું છે કે તેઓએ એપી અને અન્ય ફેમનો જંગી નાણાં ચુકવ્યા હતા. ફેમ એટલે ફેમેલી શબ્દોનો સમાવેશ થાય છે. ચાર્જશીટમાં કહેવામાં આવ્યું છે કે એપીનો મતલબ અહેમદ પટેલ અને ફેમનો મતલબ ગાંધી પરિવાર છે. ગુરૂવારના દિવસે ઈડી દ્વારા પુરક ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. જેમાં મિશેલ દ્વારા કેટલીક બાબતોનો ખુલાસો કરવામાં આવ્યો હતો. ભાજપે દાવો કરતા કહ્યું છે કે અહેમદ પટેલ કોંગ્રેસના નજીકના સાથી તરીકે છે. બીજી બાજુ આજે કોર્ટમાં મિશેલે કહ્યું હતું કે તેના દ્વારા એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટ દ્વારા કરવામાં આવી રહેલી તપાસ દરમિયાન કોઈના પણ નામનો ઉલ્લેખ કર્યો નથી. મિશેલે એફિડેવિટમાં આક્ષેપ કરતા કહ્યું છે કે કેન્દ્ર સરકાર રાજકીય દ્વેષભાવ માટે સંસ્થાઓનો ઉપયોગ કરી રહી છે. ઈડીએ તેની પૂરક ચાર્જશીટમાં આક્ષેપ કરતા કહ્યું છે કે યુપીએના મહત્વપૂર્ણ લોકો, ડિફેન્સના અધિકારીઓ અને અધિકારીઓને ઓગસ્ટા વેસ્ટલેન્ડની તરફેણમાં ૩૬૦૦ કરોડ રૂપિયાની સોદાબાજી કરવા જંગી નાણાં કટકી રીતે ચુકવવામાં આવ્યા હતા. નરેન્દ્ર મોદીએ આજે રેલીમાં આ મામલો ઉઠાવીને કોંગ્રેસ ઉપર ફરી એકવાર ભીંસ વધારી છે.

મોદીએ આક્ષેપ કરતા કહ્યું છે કે ઓગસ્ટા વેસ્ટલેન્ડ કૌભાંડમાં પરિવાર અને અહેમદ પટેલની સંડોવણી છે તેમ ઈડીની ચાર્જશીટમાં દેખાઈ આવે છે.

સુરત જિલ્લામાં કેમિકલ ચોરીએ કર્યો વિકાસ?

સુરત જિલ્લા માંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરી માર્ગ પર કેમિકલ ભરેલા ટેન્કરો ની આવનજાવન ચોવીસ કલાક રહે છે ત્યારે સુરતના હજીરા,ભરૂચ ના દહેજ ઉપરાતરાંત ના મહાકાય કેમિકલ ઉદ્યોગો માંથી રોજના હજારો ટેન્કર કેમિકલ નું ટેન્કરો દ્વારા વહન થાય છે ત્યારે આ ટેન્કરો માંથી ડ્રાઈવેરો ની મિલીભગત માં સુરત જિલ્લા માંથી પસાર થતા હાઈવે પર ચર્ચાય છે કે કોસંબા અને કડોદરા પલસાણા પાસે કેટલાક કેમિકલ માફિયાઓ રાતના સમયે આ કેમિકલ ટેન્કરો માંથી કંપનીઓ ના વહન થતા મોંઘા કેમિકલો ની ચોરી બેરોકટોક થતી હોવાનું જાણવા મળે છે ત્યારે ન કરે નારાયણ અમદાવાદ માં અગાઉ થયેલ લઠ્ઠાકાંડ જેવી ઘટના ફરી બને તો જવાબદારી કોની? કેમકે હાલ ગુજરાત માં ઈલેક્સન નો માહોલ છે દેશી વિદેશી દારૂ મળતો નથી ત્યારે અગાઉ પણ સુરતમાં પણ મિથેનોલ મિશ્રિત દારૂ ને કારણેડીજીપી ની બ્રાન્ચ ને આ કેરલકે જીવ ગુમાવ્યા હતા નેકેમિકલ ચોરો ન પકડવામાં પોલીસ બેડામાં આઈજીકોની સૂચના છે તે તપાસ શમસેરસિંહ ને તાત્કાલિકમાંગી લેતો વિષય છે ત્યારે મુકવા પડ્યા હતા જે વાત હજુસામી ચૂંટણીએ વડોદરા થઈ પ્રજા માંડ ભૂલી છે ત્યારે ફરીવાપી અને સોનગઢ સુધી ના કોસંબા અને પલસાણા વિસ્તારહાઈવે પર સઘન ચેકીંગ ધરી માં કેમિકલચોરો બિન્દાસ્તઆવા કથિત કેમિકલ ચોરો થઈ સક્રિય થયા હોવાનીને જેર કરવા જરૂરી છે વાતમાં સત્ય હોય તો આઅન્યથા કોઈ મોટી જાણ ચેમિકલ ચોરી માં કોનાહાની ની ઘટના ન બને તે ચારહાથ છે? દારૂ જુગારજરૂરી છે અન્યથા રાજ્ય પકડવા ચોવીસ કલાક દોડીસરકાર પર પસ્તાળ પડે તો જહેમત ઉઠાવતી રાજયનવાઈ નહીં?

અમરોહા અને સહારનપુરમાં મોદીના પ્રહારો

આતંકવાદીઓને ફુંકી મરાયા ત્યારે કેટલાકની નીંદ ઉડી હતી

સહારનપુર-અમરોહા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશમાં અમરોહા અને સહારનપુરમાં ઝંઝાવતી ચુંટણી પ્રચાર કરીને કોંગ્રેસ અને મહાગઠબંધન ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે જ્યારે ભારતે આતંકવાદીઓના અડ્ડાઓને ફુંકી માર્યા ત્યારે દેશમાં કેટલાક લોકો રડી રહ્યા હતા. વિરોધ પક્ષોની ઝાટકણી કાઢતા તેમણે કહ્યું હતું કે લોકોના ભાવિ અને જીવનને જોખમમાં મુકનાર



વિરોધ પક્ષો સામે આક્રમક લડત ચલાવવાનો સમય આવી ગયો છે. ૧૧મી એપ્રિલના દિવસથી લોકસભા ચુંટણીની શરૂઆત થઈ રહી છે ત્યારે ઉત્તરપ્રદેશમાં અમરોહામાં રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે ત્રાસવાદીઓને તેમની ભાષામાં જવાબ આપવામાં આવે તેમ કેટલાક લોકો ઈચ્છી રહ્યા ન હતા. આતંકવાદી હુમલા બાદ પણ આ પ્રકારના લોકો પુરવાની માંગ કરી રહ્યા હતા. આ લોકો ૧૪મી ફેબ્રુઆરીના આતંકવાદી હુમલાને લઈને આડેધડ નિવેદન કરી રહ્યા હતા. સાથે સાથે જ્યારે ભારતે ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરી ત્યારે પણ પુરાવાની માંગ કરી રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે જ્યારે ત્રાસવાદીઓ સામે આક્રમક કાર્યવાહી કરાઈ ત્યારે આ લોકોને આવી કાર્યવાહી પસંદ પડી ન હતી. જ્યારે પાકિસ્તાન વિશ્વની સામે ખુલ્લુ પડી ગયું છે ત્યારે આ લોકો પાકિસ્તાનની તરફેણમાં વાત કરી રહ્યા છે. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને બસપાના લોકો સામાન્ય લોકોના જીવનને ખતરામાં મુકી રહ્યા છે.

નૌશેરામાં પાકિસ્તાનનો ફરી ગોળીબાર : સ્થિતિ વિસ્ફોટક

જમ્મુ

જમ્મુ-કાશ્મીરમાં અંકુશરેખા નજીક નવસેરા સેકટરમાં પાકિસ્તાની સેનાના જવાનોએ આજે ફરી એકવાર ગોળીબાર કર્યુ હતો. અગાઉ પાકિસ્તાને ગુરૂવારના દિવસે સાંજે પૂંચ જિલ્લામાં અંકુશરેખાના બે વિસ્તારમાં ગોળીબાર કર્યો હતો. એલઓસી સાથે જોડાયેલા અનેક વિસ્તારમાં પાકિસ્તાને છેલ્લા આઠ દિવસના ગાળામાં અવિરતપણે ગોળીબાર જારી રાખ્યો છે. જેના કારણે તંગદિલીપૂર્ણ સ્થિતિ રહી છે. પાકિસ્તાને આજે નવસેરા સેકટરમાં સેનાની ચોકીઓની પાસે મોર્ટાર ઝીંક્યા હતા. ત્યારબાદ ભારતીય જવાનોએ પાકિસ્તાનની હરકતનો જોરદાર જવાબ આપ્યો હતો. ભારતીય જવાનોએ કરેલી કાર્યવાહીમાં પાકિસ્તાનને ફરી નુકસાન થયું છે. ત્રાસવાદીઓને ભારતમાં ઘુસાડવાના હેતુસર પાકિસ્તાને ગોળીબાર કર્યો હતો. સેનાએ તમામ જવાનોને સંપૂર્ણપણે એલર્ટ રહેવા સૂચના આપી છે. પાકિસ્તાને આ વખતે અંકુશરેખા પર સેનાની ફોરવર્ડ પોસ્ટ પર અનેક જગ્યાઓ પર ગોળીબાર કર્યો હતો. યુદ્ધ વિરામની આ ઘટનામાં કોઈને પણ ઈજા થઈ નથી. અગાઉ પાકિસ્તાન તરફથી રાજૌરી અને પૂંચ જિલ્લામાં ગોળીબાર દરમિયાન બીએસએફના જવાનોએ પણ કાર્યવાહી કરી હતી.

નોટબંધીનો નિર્ણય ખૂબ ઘાતક પુરવાર થયો : રાહુલનો આક્ષેપ

પુણે

લોકસભા ચુંટણીના પહેલા પુણેમાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવા પહોંચેલા કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આજે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભલે તેમના પ્રત્યે ગુસ્સાની ભાવના રાખે છે પરંતુ તેઓ મોદીને પસંદ કરે છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તેઓ મોદી પ્રત્યે કોઈપણ પ્રકારની નફરત રાખતા નથી. રાહુલ ગાંધીના નિવેદનથી વિદ્યાર્થીઓએ મોદી મોદીના નારા લગાવવાની શરૂઆત કરી હતી. આ ગાળા દરમિયાન રાહુલ ગાંધી પણ જોતા રહ્યા હતા. રાહુલે કહ્યું હતું કે ૨૨ લાખ સરકારી જગ્યાઓ ખાલી છે. શિક્ષણ અને આરોગ્ય સેવાઓ માટે મૂળભૂત માળખાના નિર્માણની જરૂર છે. ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. જ્યારે સત્તામાં આવીશું ત્યારે સંસદ અને રાજ્ય વિધાનસાઓમાં ૩૩ ટકા મહિલાઓ માટે જગ્યાઓ અનામત રાખવામાં આવશે. રાષ્ટ્રીય સ્તર પર તમામ નોકરીમાં ૩૩ ટકા હિસ્સો મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે. રાજનેતાઓ માટે નિવૃત્તિની વય હોવી જોઈએ. ૬૦ વર્ષના ગાળા બાદ નેતાઓએ નિવૃત્તિ લઈ લેવી જોઈએ.

મોદીથી નફરત કરતા નથી પણ મોદી ઘૃણા કરે છે : તેમની સરકાર આવ્યા બાદ તમામ સરકારી ખાલી જગ્યા ભરાશે

સેલ્સ ઓફિસર જોઇએ છે MARKET 4U™



MARKET 4U કંપનીને
ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી
સેલ્સ ઓફિસર જોઇએ છે.
કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.
પગાર અનુભવ અને લાયકાત મુજબ
Mo. 75750 06847
Email : market4u19@gmail.com

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ. તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

Celebrate Women's Day
Try your Luck...
01 Visit Our Clinic
02 Pick up a Chit & Get Treatment Absolutely FREE
03 Get Gift Voucher worth ₹ 5000
ONLY ON : 05 - 06 - 07 MARCH 2019
AVAILABLE TREATMENTS
• HOMEOPATHY • HAIR
• COSMETIC • LASER
• DIETITIAN • SLIMMING
Arogyam THE HEALTH MANTRA
F1-F2, Ravi Raj Flats, Nr. Mahalaxmi Temple, Nr. D-Mart, Chhatrapati Shivaji Circle, New Adajan Road, Surat-9.
M : 70486-61221, 81419-61221
www.arogyamclinic.com
Time : 9am to 1pm & 4pm to 8pm

GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 161, SHIV OM NAGAR, MERU LAXMI TEMPLE ROAD, TADWADI, RANDER, SURAT. MO. : 7575006850

સિંધી સમાજ અને કચ્છનુ ગોરવ

આદિપુરની કરિશ્મા માનીને બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ ભાવનગર મુકામે એનાયત કરાયો



અનેક ફિલ્મોમાં એડ એનકરીંગમાં ઝડકી ચુકેલી અનેક કાર્યક્રમને સફળતાપૂર્વક એન્કરિંગ કરી સફળ બનાવવાર સિંધી સમાજ ની સુપરહીટ ફિલ્મ દુનિયા દિલ વારંન જી મા મુખ્ય હિરોઈન તરીકે મેદાન મારી જનાર આદિપુર યુવતી અને અદાકાર કરિશ્મા માનીને ભાવનગરની સિંધુ સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા આ ફિલ્મમાં સુંદર કામગીરી બદલ બેસ્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો, આદિપુરમાં રેહતી અને યુવા પત્રકાર તરીકે નામના ધરાવતી અને મોડલિંગ એન્કરિંગ નાટ્ય ક્ષેત્ર ઉપરાંત સિંધી ફિલ્મો માં નામના ધરાવતી કરિશ્મા માનીને તાજેતરમાં દુનિયા દિલવારંન જી જે ફિલ્મ અભિનય બાદ આ ફિલ્મ સુપરહીટ જતા અત્યંત આનંદ સાથે સાથે સ્વામી લીલાશાહ ટ્રસ્ટ અમદાવાદ દ્વારા બેસ્ટ એન્કર ઓફ કચ્છ અને બેસ્ટ સિંધી એક્ટ્રેસ તરીકે એવોડેથી સન્માનિત કરાતા ઉપસ્થિત લોકોએ તાળીઓના ગડગડાટ વધાવી લીધેલ.

કરીશમા અનેક ફિલ્મો એડવટાઈઝ, નાટક સિંગિંગ આલ્બમ વગેરે માં અભિનય કામણ દર્શાવી ચૂકી છે અગાઉની એક ફિલ્મમાં શહીદ હેમુ કાલાણી માં પણ તેને અભિનય અંત્યત વખાણયો હતો, સરળ સ્વભાવ અને હંમેશા બીજાને મદદરૂપ બનવાની તેની અદમ્ય ઈચ્છાના કારણે સમગ્ર મિત્ર મંડળમાં પણ અત્યત અનેર વ્યક્તિત્વ ધરાવે છે સાથે-સાથે પત્રકારત્વ ક્ષેત્રમાં ઈલેક્ટ્રોનિક મીડિયામાં તેણે પોતાનું કૌવત સાબિત કરી બતાવ્યું છે નાનપણથી જ અભિનયમા રસ ધરાવતા તથા એન્કરરીંગનો શોખ ધરાવતી હોવાથી પોતાનું અભિનય ક્ષેત્રો આગવુ અભિનય પ્રદાન કર્યું છે.

બુટલેગરને પાસા હેઠળ અમદાવાદ જેલમાં ધકેલતી ગાંધીધામ એલસીબી

ભુજ કચ્છ: પરીક્ષિતા રાઠોડ સાહેબ,SP,પૂર્વ કચ્છ, ગાંધીધામ નાઓ તરફથી આગામી સમયમા લોકસભાની ચુંટણી યોજનાર હોય જે શાંતિપુર્ણ યોજાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુથી પ્રોહીબીશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઈસમો પર પાસા તળે અટકાયતી પગલા લેવા સુચના હેઠળ પો.ઈન્સ. એલ.સી.બી. ડી.બી. પરમારના માર્ગદર્શન હેઠળ એમ.એસ. રાણા પીએસઆઈ દ્વારા પાસા દરખાસ્ત તૈયાર કરી કલેકટર, કચ્છ -ભુજને મોકલાવતા, કલેકટર, કચ્છ-ભુજ દ્વારા પાસા દરખાસ્ત મંજુર કરી વોરન્ટ ઈશ્યુ કરતા નીચે જણાવેલ ઈસમને પાસા તળે અટક કરી હુકમ મુજબ અમદાવાદ જેલ હવાલે મોકલી આપવામા આવેલ છે. અયુબખાન ઈસબખાન (યુસુબખાન)જત મલેક, રહે. વારાહી તા. સાંતલપુર જિ.પાટણ - મધ્યસ્થ જેલ અમદાવાદ

આ કામગીરીમાં એમ.એસ. રાણા પીએસઆઈ, એ.પી.જાડેજા પીએસઆઈ તેમજ એલસીબીનો સ્ટાફ જોડાયો હતો.

જ્ઞાનમંજરી વિદ્યાપીઠમાં અનોખી ઉજવણી કરાઈ

સુરત

આચાર્યશ્રીની અખબારી યાદીમાં જણાવાયું કે જ્ઞાનમંજરી વિદ્યાપીઠના સંચાલક શ્રી અશોકભાઈ બાંભણીયાનો જન્મ દિવસ અનોખી રીતે ઉજવવામાં આવ્યો હતો.

શાળાનાં સંચાલક શ્રી અશોકભાઈ બાંભણીયા દ્વારા જન્મ દિવસની ઉજવણીની અનોખી પહેલ કરવામાં આવી.પોતાના જન્મદિવસે શાળાનાં તમામ કર્મચારીગણને ચકલીઘર અને પક્ષીઓને પીવા માટેના પાણીનાં વાસણ(જળપાત્ર) કુંડાની ભેટ આપવામાં આવી.જન્મદિન નિમિત્તે સંચાલકશ્રી દ્વારા શાળા પરિવારના તમામ કર્મચારીગણને પર્યાવરણ અને પ્રાણી સૃષ્ટિ પ્રત્યેની આપણી જવાબદારી તેમજ પક્ષીઓ પ્રત્યેના પ્રેમની સુંદર સમજ આપવામાં આવી.જન્મ દિવસની ઉજવણીનું ઉમદા અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આર.ટી.ઈ. પ્રવેશના ઓનલાઈન ફોર્મ ભરવાના સેન્ટરોની યાદી



મોરબી જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન કાયદા ગરીબ બાળકોને ખાનગી શાળામાં વિનામૂલ્યે પ્રવેશ આપવા માટે આજથી ઓનલાઈન ફોર્મ ભરવાની શરુ થઈ ચુકી છે. મોરબી જિલ્લાની કુલ ૧૮૯ ખાનગી શાળાઓમાં ૨૫ ટકા જોગવાઈ મુજબ ૨૩૫૭ બાળકોની જગ્યાઓ માટે ફોર્મ ભરાશે.

મોરબી જિલ્લામાં સરકારના રાઈટ ટુ એજ્યુકેશન કાયદા હેઠળ ખાનગી શાળાઓમાં ગરીબ બાળકોને વિનામૂલ્યે પ્રવેશ આપવા માટે આજથી ૧૫ એપ્રિલ સુધી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. તંત્ર દ્વારા ફોર્મ ભરવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં મોરબી જિલ્લાના આઠ સેન્ટરો પર ફોમ ભરવાની વ્યવસ્થા કરાઈ છે.જેમાં મોરબી શહેરમાં સામાકાંઠે ગેંડા સર્કલ નજીક બીઆરસી ભવન, વીસી ફાટક નજીક આવેલ તાલુકા શાળા નંબર-૧ અને વૈભવનગરમાં આવેલ આંબાવાડી તાલુકા શાળામાં ખાતે ફોર્મ ભરાશે તથા ટંકારામાં ટંકારા કન્યા શાળા, હળવદમાં બીઆરસી ભવન,વાંકાનેરમાં રામકૃષ્ણ તાલુકા શાળા અને વાંકાનેર તાલુકા શાળા-૨ તેમજ માળિયામાં માળિયા તાલુકા પંચાયત ખાતે ફોર્મ ભરાશે.તો આ સેન્ટરોનો લાભ લેવા શિક્ષણ વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

જિલ્લાની કુલ ૧૮૯ શાળાઓમાં સરકારની ૨૫ ટકા જોગવાઈ હેઠળ ૨૩૫૭ બાળકોની જગ્યાઓ માટે ફોર્મ ભરાશે.જેમાં મોરબી તાલુકાની ૧૦૮ શાળાઓમાં ૧૫૨૧ જગ્યા, વાંકાનેર તાલુકાની ૩૨ શાળામાં ૪૧૩ જગ્યા, હળવદ તાલુકાની ૨૭ શાળામાં ૨૨૨ જગ્યા તથા ટંકારા તાલુકાની ૨૧ શાળાઓમાં ૧૯૧ જગ્યા અને માળીયા મિયાણા તાલુકાની ૧ શાળામાં ૧૦ જગ્યા પર ફોર્મ ભરાશે.

પોસ્ટ ઓફીસના સબ પોસ્ટ માસ્તરે લાખોની ઉચાપત કરી

પોસ્ટઓફીસના ઈન્સ્પેકટરે નોંધાવી પોલીસ ફરિયાદ

મોરબી

મોરબીના સામાકાંઠે આવેલી નજરબાગ પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા સબ પોસ્ટ માસ્તરે તેની ફરજ દરમિયાન લાખોની સરકારી રકમની ઉચાપત કરી હોય જે અંગે ખાતાકીય તપાસ બાદ નાણા ઉચાપતની પોલીસ ફરિયાદ કરવામાં આવી

મૂળ ભાવનગરના રહેવાસી અને હાલ મોરબીમાં રહીને મોરબી મેઈન પોસ્ટ ઓફિસમાં ઈન્સ્પેકટર ઓફ પોસ્ટ ઓફીસ તરીકે ફરજ બજાવતા યોગેશભાઈ કનૈયાલાલ જોષીએ બી ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે આરોપી ગોવિંદ ખીમાભાઈ પરમાર રહે રાજકોટ નાના મૌવા રોડ વાળા ગત તા. ૧૫-૦૨-૧૬ થી ૨૭-૦૯-૧૬ સુધી પી પી ડબલ્યુ પોસ્ટ ઓફિસમાં સબ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા હતા દરમિયાન વિવિધ ફરિયાદના પગલે તા. ૨૭-૦૯-૧૬ ના રોજ તપાસ ટીમ દ્વારા તપાસ કરતા સરકારી હિસાબની સિલક રૂ ૧૧,૩૨,૧૮૪ થવી જોઈએ

પરંતુ તા. ૨૭-૦૯ ના રોજ દીવસ અંતના સરકારી હિસાબે હાથ ઉપર રૂ ૮,૮૭,૮૦૭ બતાવેલ અને મૂળ રકમ કરતા રૂ ૨,૪૪,૩૭૬ સરકારી હિસાબ કરતા ઓછા બતાવી સરકારી નાણા પોતાના હાથ પર રાખી સરકારી નાણાનો પોતે અંગત ઉપયોગ કરી સરકારી નાણા ઉચાપત કર્યાની પોલીસ ફરિયાદ નોંધાવી છે

સિંધુડો પ્રાગટ્ય દિન અને ધોલેરા સત્યાગ્રહની ૮૯મી જન્મ જયંતી નિમિત્તે રાણપુર, ધંધુકા, ધોલેરામાં ભાવાંજલિ કાર્યક્રમ યોજાશે



સ્વાતંત્ર્ય સંગ્રામ નિમિત્તે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ રચેલા દેશભક્તિના ૧૫ શૌર્ય ગીતોનો સંગ્રહ સિંધુડો ૬ એપ્રિલ ૧૯૩૦ના રોજ ધોલેરા સત્યાગ્રહના અવસરે પ્રસિધ્ધ થયો હતો.દેશપ્રેમના ૧૫ ગીતોની જાદુઈ અસર હેઠળ દેશવાસીઓ જોમ અને જુસ્સાથી સ્વાતંત્ર્ય સંગ્રામમાં શામેલ થઈ ગયા હતા. સિંધુડોના ૮૯ માં પ્રાગટ્ય દિન તથા ધોલેરા સત્યાગ્રહની ૮૯મી જન્મ જયંતી નિમિત્તે આજે ૬ એપ્રિલ ને શનિવારે ગાંધી ચોક.શહીદ સ્મારક-ધોલેરા ખાતે,જીલ્લા પંચાયત ઐતિહાસિક રેસ્ટ હાઉસ ધંધુકા ખાતે અને રાણપુર પોલીસ સ્ટેશન પાસે આવેલ મેઘાણી પ્રતિમા ખાતે વરિષ્ટ આગેવાનોની હાજરીમાં ભાવાંજલિ અર્પણ કાર્યક્રમ અંતર્ગત સિંધુડોના શૌર્ય અને દેશપ્રેમનાં ગીતોનુ સમૂહ ગાન કરાશે.

ચૈત્રી નવરાત્રી સવારે ઘટ સ્થાપનનું મુહૂર્ત

નવરાત્રિના ઉપવાસ કરવાથી તમામ કષ્ટો દૂર થાય છે

સુરત

ચૈત્ર નવરાત્રી શનિવારથી એટલે આવતી કાલથી શરૂ થઈ રહી છે. આ વખતે નવરાત્રી ૬ એપ્રિલથી શરૂ થઈને ૧૪ એપ્રિલે પૂર્ણ થાય છે. આ દિવસોમાં માતાના ભક્તો માતાની વિશેષ પૂજા અર્ચના કરી માતાની ભક્તિ કરી ધન્યતા અનુભવે છે. ચૈત્ર નવરાત્રી પર્વ નિમિત્તે શહેરના માતાજીના મંદિરોમાં તથા ઘરોમાં શનિવારે સવારે ઘટસ્થાપન કરાશે. ભક્તોની અથાગ શ્રદ્ધા હોય છે કે ચૌત્રી નવરાત્રીમાં માતાની આરાધના કરવાથી જીવનના તમામ દુ:ખો સમામ થાય છે, સાથે સાથે તમામ આર્થિક તકલીફો દૂર થાય છે. માતાની આરાધના જીવનમાં નવો હર્ષોલ્લાસ આનંદ આવે છે.

શનિવારે શુક્લ પક્ષની પ્રતિપદાના અભિજીત મુહૂર્તમાં ૬ કલાક ૯ મિનિટથી લઈને ૧૦ કલાક ૧૯ મિનિટ સુધી ઘટ સ્થાપના કરી શકાશે.

જ્યોતિષોનું માનીએ તો આ વખતે ચૈત્ર નવરાત્રીમાં ૫ સર્વાર્થ સિદ્ધિ, ૨ રવિ યોગનો સંયોગ રચાઈ રહ્યો છે. આ શુભ યોગ દરમિયાન કળશ સ્થાપનથી લઈને ઉપાસના કરવાથી તમામ કષ્ટો દુર થાય છે.

તડીપાર મહિલા બુટલેગર સહિતના બે આરોપી દેશી દારૂ સાથે ઝડપાયા

૯૦૦ લીટર દેશી દારૂનો જથ્થો કરાયો જપ્ત

મોરબી તેમજ રાજકોટ સહિતના પાંચ જીલ્લામાંથી બાર મહિના માટે તડીપાર કરાયેલી મહિલા બુટલેગર સહિતના બે શખ્શોને બી ડીવીઝન પોલીસે દેશી દારુના જથ્થા સાથે ઝડપી લેવામાં સફળતા મળી છે

લોકસભા ચુંટણી નજીક છે ત્યારે જીલ્લા એસપી ડો. કરનરાજ વાઘેલાની સુચનાથી હદપાર કરાયેલ ઈસમોને તથા લીસ્ટેડ બુટલેગરોને ચેક કરવાની સુચના અન્વયે ડીવાયએસપી બન્નો જોશીના માર્ગદર્શન હેઠળ બી ડીવીઝન પીઆઈ આઈ એમ કોઢીયાની ટીમના પરેશભાઈ પરમાર, કિશોરદાન ગઢવીને મળેલ બાતમીને આધારે મોરબી સહીત રાજકોટ શહેર, રાજકોટ ગ્રામ્ય, સુરેન્દ્રનગર, કચ્છ (ભુજ) તથા જામનગર જીલ્લામાંથી બાર મહિના માટે હદપાર થયેલ મહિલા બુટલેગર સોનલબેન અબ્બાસભાઈ કટિયા (ઉ.વ.૩૨) રહે માળિયા વનાળીયા સોસાયટી સો ઓરડી વાળી આરોપી સાથે સુલતાન રસુલ કટિયા (ઉ.વ.૨૫) રહે માળિયા વાલાને દેશી દારૂ લીટર ૯૦૦ કીમત રૂ ૧૮,૦૦૦ સાથે ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે

આ કામગીરીમાં બી ડીવીઝન ટીમના ક્રિપાલસિંહ ચાવડા, અંબાપ્રતાપસિંહ જાડેજા, ભાનુભાઈ બાલાસરા, વનરાજભાઈ ચાવડા, અર્જુનસિંહ ઝાલા, મુકેશભાઈ જીલરીયા, રમેશભાઈ મિયાત્રા અને ભગીરથભાઈ લોખીલ સહિતની ટીમ જોડાયેલ હતી.

લોકસભા ચૂંટણી ૨૦૧૯ અનુસંધાને ગઈ કાલે ભુજમાં ફ્લેગ માર્ચ યોજાઈ



ભુજ કચ્છ: ચૂંટણી ૨૦૧૯ અનુલક્ષીને પશ્ચિમ કચ્છ - ભુજ પોલીસ દ્વારા તા.૪/૪/૨૦૧૯ના રોજ ભુજ વિસ્તારમાં ફ્લેગ માર્ચ યોજાઈ હતી,જેમાં પોલીસ અધિક્ષક સૌરભ તોલંબિયાની આગેવાનીમાં ૧૭/૦૦ કલાકે થી ૨૭/૦૦ કલાક સુધી કરવામાં આવ્યું. આ સાથે નાયબ પોલીસ અધિક્ષક મુખ્ય મથક ભુજ બી.એમ. દેસાઈ, નાયબ પોલીસ અધિક્ષક, ભુજ વિભાગ ભુજ જે .એન. પંચાલ તથા એલ.સી.બી., એસ.ઓ.જી., પેરોલ ફર્લો સ્કવોર્ડ, જિલ્લા ટ્રાફિક શાખા, સીટી ટ્રાફિક શાખા, માનકુવા પોલીસ સ્ટેશન,પધ્ધર પોલીસ સ્ટેશન,પોલીસ હેડ કવાર્ટર્સના મળીને ૧૪ પોલીસ અધિકારી તેમજ ૧૦૦ પોલીસ કર્મચારીઓએ આ ફ્લેગ માર્ચમાં હાજર રહ્યા હતા.આ ફ્લેગ માર્ચ ભુજ શહેરના વિસ્તારમાં કરવામાં આવેલ હતું.આ ફ્લેગ માર્ચ લોકસભાની ચુંટણી દરમ્યાન કાયદો વ્યવસ્થા સ્થિતી જળવાઇ રહે તથા લોકો શાંતિપૂર્ણ રીતે તેમજ ભયમુકત વાતાવરણમાં મતદાન કરી શકે તે હેતુથી ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવેલ હતું.

આ ફ્લેગ માર્ચનો રૂટ એ ડિવિઝન પોલીસ સ્ટેશનથી મંગલમ ત્રણ રસ્તા,નવું બસ સ્ટેશન, હમીરસર, સંજોગનગર, ખાસરા ગ્રાઉન્ડ, મટન માર્કેટ, ભીડ નાકા, અનમ રિંગ રોડ, વાણિયાવાડ ચોકી,જુના બસ સ્ટેશન, આલ્ફેડ હાઈસ્કૂલ સુધી આ ફ્લેગમાર્ચ પૂર્ણ થઈ હતી.

દારૂ મળતો બંધ થઈ જતા નકલી દારૂ બનાવતા ફ્લેટમાં દરોડા

બ્રાન્ડેડ કંપનીની બોટલો, કેમિકલ સહિતનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો

સુરત

પાંડેસરા કર્મયોગી ગણેશ એપાર્ટમેન્ટ ફ્લેટ નં.એ/૧૦૨માં ધમધમતુ ડુપ્લીકેટ દારૂનો જથ્થો પાંડેસરા પોલીસે જપ્ત કર્યો હતો.

પાંડેસરા પોલીસે કર્મયોગી સોસાયટી, ગણેશ એપાર્ટમેન્ટ ફ્લેટ નં.એ/૧૦૨માં દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન કેમીકલ, દારૂની બોટલો બ્રાન્ડેડ કંપનીના દારૂની બોટલના બુચો મળી કુલ રૂા.૮૫૫૦૦ની કિંમતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. આરોપી તેજમલ ઉર્ફે તેજુ રામચંદ્ર ખટીક, સંપત વનનાજી મેવાડા આ ફ્લેટમાં ડુપ્લીકેટ દારૂ બનાવી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા હતા. તેમજ દારૂ બનાવવા કેમિકલનો પણ ઉપયોગ કરતા હતા.પાંડેસરા પોલીસે બંને આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાયર્વાહી કરી હતી.

એસબીઆઈ બેંકની મુખ્ય શાખામાં ભેજાબાજો નકલી નોટો પધરાવી ગયા

એસબીઆઈ બેંકમાં ૮૬,૫૦૦ ની નકલી નોટો પધરાવી

મોરબી

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય બ્રાંચમાં અજાણ્યા ઈસમો ૮૬ હજારથી વધુની નકલી નોટો પધરાવી ગયા હોય જે મામલે બ્રાંચ મેનેજરે પોલીસને કરેલી જાણ બાદ એ ડીવીઝન પોલીસે વધુ તપાસ ચલાવી છે

મોરબીના પરાબજારમાં આવેલી એસબીઆઈ બેંકની મુખ્ય બ્રાંચમાં બેંકમાં ચલણી નોટો જમા કરાવતા ગ્રાહકો પૈકી અજાણ્યા ઈસમો જુદા જુદા ચલણી દરની કુલ ૮૬,૫૦૦ ની નકલી નોટો પધરાવી ગયાનું એસબીઆઈ બેંકને માલૂમ પડતા બ્રાંચ મેનેજરે એ ડીવીઝન પોલીસને આ અંગે જાણ કરી હતી જે બનાવ અંગે એ ડીવીઝન પીએસઆઈ ચંદ્રકાંત શુક્લ વધુ તપાસ ચલાવી રહ્યા છે.



રાંદેર રોડ સ્થિત સંસ્કાર ભારતી બાળ ભવનના ગુજરાતી માધ્યમમાં સીનિયર કે.જી.ના બાળકો માટે "પદવીદાન સમારંભ"નું આયોજન કરવામાં આવ્યું હતું. સીનિયર કે.જી. માંથી પ્રાથમિક વિભાગમાં જનારા દરેક બાળકોને તેમના માતા-પિતાની હાજરીમાં મંચ પરથી પદવી એનાયત કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. જુનિયર કે.જી.ના બાળકોના વેલકમ ડાન્સ દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી અને મહેમાનોના વરદ હસ્તે પદવી એનાયત કરવામાં આવી હતી.

વૃદ્ધ પિતાનો જીવ બચાવવા પુત્રએ દીપડી સાથે બાથ ભીડી



વલસાડ

જિલ્લા વન વિભાગની ગંભીર પ્રકારની નિષ્ક્રિયતા અને બેદરકારીભરી કામગીરીને કારણે વલસાડ પારડી, ધરમપુર અને કપરાડા તાલુકાના ગામોમાં દીપડાઓ ખુલ્લેઆમફરી રહ્યા છે. ગુરુવારે જામલીયા ગામના ભાંડારપાડા ફળિયામાં રેહતા ૬૫ વર્ષીય દેવરામભાઈ રાયજીભાઈ પવાર તેમના પુત્ર રમેશ સાથે બપોરે તેમની માલિકીના બકરાં તથા ઢોર ચરાવવા માટે ગામમાં આવેલા ડુંગર ઉપરગયા હતા. પુત્ર રમેશ કેટલાક પશુઓ સાથે થોડે દૂર ઊભો હતો. તે સમયે પિતા દેવરામભાઈની નજર અચાનક બે બચ્ચાંઓ સાથે આવી ચઢેલી દીપડી ઉપર પડતા તેઓ ફફડી ઉઠ્યો હતા. નજર સામે મોતને જોતા દેવરામભાઈએ દીપડીને ભગાડવાનો પ્રયત્ન કર્યો હતો. દીપડીએ ભાગવાને બદલે દેવરામભાઈ ઉપર હુમલો કરી દીધો હતો. જીવ બચાવવા દેવરામભાઈએ દીપડી સાથે બાથ ભીડી હતી. બંને વચ્ચે જીવસોસટની લડાઈ ચાલી હતી. જે દરમિયાન દેવરામભાઈએ બૂમાબૂમ કરી મુક્તા તેમનો પુત્ર દોડી આવ્યો હતો. પુત્રએ હિંમત દાખવીને પિતાને બચાવવા માટે દીપડી તરફ દોટ મૂકી હતી. પોતાની પાસે હથિયારના નામે માત્ર લાકડી હોવા છતાં તેણે દીપડીને ડરાવી અને ત્યાંથી ભગાવી દીધી હતી. દીપડી સાથેની લડાઈમાં દેવરામભાઈના હાથમાં ગંભીર ઈજા પહોંચી હતી. તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

નવસારી લોકસભા બેઠક પર બે ઓબ્ઝર્વરોની નિમણૂંક કરાઈ

મનીષ સિંઘ અને પવાર પ્રવિણ ચૂંટણી કાર્ય પર નજર રાખશે

નવસારી

નવસારી જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ની ૨૫-નવસારી બેઠક શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય અને ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનો ચુસ્તપણે અમલ થાય તે માટે ભારતના ચૂંટણીપંચ દ્વારા જનરલ ઓબ્ઝર્વર તરીકે શ્રી મનીષ સિંઘ (આઈ.એ.એસ.), પોલીસ ઓબ્ઝર્વર તરીકે શ્રી પવાર પ્રવિણ મધુકર (આઈ.પી.એસ.)ની નિમણૂંક કરવામાં આવી છે.

જનરલ ઓબ્ઝર્વર શ્રી મનીષ સિંઘ (આઈ.એ.એસ.)નો મોબાઈલ નંબર ૭૫૭૪૯૬૬૨૪૨ તથા પોલીસ ઓબ્ઝર્વર શ્રી પવાર પ્રવિણ મધુકર (આઈ.પી.એસ.)નો મોબાઈલ નંબર ૭૫૭૪૯૪૪૯૨૭ છે. જાહેર જનતાને ઓબ્ઝર્વરની ચૂંટણીસબંધી ફરિયાદો કરવા માટે ઉકત મોબાઈલ નંબરો તથા કચેરી ફોન નંબર (૦૨૬૩૭) ૨૮૦૫૦૧ પર સંપર્ક કરી શકાશે.

વધુમાં ચુંટણીસબંધી કોઈપણ ફરિયાદ અંગે જનરલ ઓબ્ઝર્વર શ્રી મનીષ સિંઘ (આઈ.એ.એસ.) ને દરરોજ સવારે ૧૧-૦૦ થી ૧૨-૦૦ કલાક દરમિયાન સરકિટ હાઉસ, પ્રથમ માળે, નવસારી ખાતે રૂબરૂ મળી શકાશે. તેમ જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર ડૉ. એમ.ડી.મોડિયા ધ્વારા જણાવાયું છે.

વેપારીનો ટેમ્પો ડ્રાઈવર ઉઘરાણીના રૂા.૭.૦૫ લાખ ચાઉં કરી ભાગી ગયો

વેપારીએ રૂપિયાની માંગણી કરતા ડ્રાઈવરે ટાંટીયા તોડી નાંખવાની ધમકી આપી

સુરત

ગોપીપુરા કાજીના મેદાનમાં આવેલ તમાકુવાળા ટ્રેડીંગ કંપનીને ડ્રાઈવર કમ ડીલીવરમેન વેપારીઓ પાસેથી ઉઘરાવેલા માલના કુલ રૂા.૭,૦૫,૦૬૧ નહીં જમા કરાવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. ઉપરથી આરોપીએ ફરિયાદીને રૂપિયા માંગશે તો પગ તોડી નાંખવાની ધમકી આપી હતી. અઠવા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગોપીપુરા કાજીનું મેદાન મહાવીર એપાર્ટમેન્ટમાં તમાકુવાળા ટ્રેડીંગ કંપની ધરાવતા જાગૃતિબેન સુનીલભાઈ તમાકુવાળાએ આરોપી ટેમ્પો ડ્રાઈવર કમ ડીલીવરીમેન સુરેશ બાબુ પાટીલની સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી સુરેશ બાબુ પાટીલે એવરેસ્ટ મસાલાના અલગ અલગ પ્રોડક્ટની ડીલીવરી કરી વેપારીઓ પાસેથી રૂા.૭,૦૫,૦૬૧ નહીં આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. ફરિયાદીએ રૂપિયાની માંગણી કરતા આરોપીએ થાય તે કરી લેવાની અને પગ તોડી નાંખવાની ધમકી આપી હતી. અઠવા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

બોગસ બેંક એકાઉન્ટ ખોલાવી ગુમ થયેલા ચેક વટાવી લેવાયા

રૂા.૨.૬૮ લાખની છેતરપિંડી અંગે ફરિયાદ

સુરત

એસોસિએટ બેંકની બ્રાન્ચમાં ગણેશ પ્રોવિઝન સટોરના નામથી બોગસ બેંક એકાઉન્ટ ખોલાવી અસલ ગણેશ પ્રોવિઝન સ્ટોરના નામના એક્સિસ બેંક એકાઉન્ટના ગુમ થયેલા ચેક જમા કરાવી રૂા.૨,૬૮૦૦૦ ઉપાડી લઈ છેતરપિંડી કર્યાનો બનાવ સલાબતપુરા પોલીસ મથકે નોંધાયો હતો.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ લીંબાયત બજરંગ નગરમાં રહેતાં અને ગણેશ પ્રોવિઝન સ્ટોર ધરાવતા પ્રકાશચંદ્ર સોહનલાલ જૈને આરોપી નંદકિશોર માંગીલાલ દાયમા રહે. નંદનવન-૩, વીઆઈપી રોડ, વેસુ, વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ એસોસિએટ બેંકમાં ગણેશ પ્રોવિઝન સ્ટોર નામનું ફર્જી એકાઉન્ટ ખોલાવ્યું હતું. આ એકાઉન્ટમાં ફરિયાદીના ગુમ થયેલા બે ચેક જમા કરાવી રૂા.૨,૬૮૦૦૦ ઉપાડી લઈ છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

વેડરોડ રહેમતનગર સોસા.માં મહિલાની લાજ લેવાનો પ્રયાસ

મહિલા તાબે નહીં થતા પાડોશી બચકુ ભરીને ભાગી ગયો

સુરત

પડોશી મહિલાના ઘરમાં ઘુસી લાજ લેવાના ઈરાદે મહિલાના કપડા ઉતારવાની કોશિશ કર્યાનો બનાવ બન્યો હતો. આ ઘટના સંદર્ભે પીડિતા મહિલાએ આરોપીની પત્નીની કહેવા જતા આરોપીની પત્નીએ પથ્થરથી હુમલો કર્યો હતો.

ચોકબજાર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વેડરોડ રહેમતનગરમાં રહેતાં ધરમપાલ ગોરેલાલ તથા તેમની પત્ની ગીતા ધરમપાલ વિરૂદ્ધ પડોશી મહિલાએ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી મહિલા ઘરે એકલી હતી ત્યારે આરોપી ધરમલાલ ફરિયાદી મહિલાના ઘરમાં ઘુસી જઈ ફરિયાદીને પકડી કપડા ઉતારવાની કોશિશ કરતા ફરિયાદીએ બુમાબુમ કરી મુકી હતી. જેથી આરોપીએ ફરિયાદીને હાથના ભાગે બચકુ ભરી નાસી ગયો હતો. આ બાબતે ફરિયાદીએ આરોપીની પત્નીને કહેવા જતા આરોપીની પત્નીએ ઉલ્ટાનું ફરિયાદીની સાથે ઝઘડો કરી તમાચો મારી પથ્થરથી આંખના ભાગે ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે ચોક પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ભાઠેનામાં મોબાઈલ ફોન લૂંટવા યુવાન પર ચપ્પુથી હુમલો કર્યો

ઈજાગ્રસ્ત પરપ્રાંતીય યુવક સિવિલમાં દાખલ

સુરત

ઉધના ભાઠેનામાં ચા પીવા નીકળેલા કારીગર ને બે અજાણ્યા ઈસમોએ પીઠ પર ચપ્પુ ઘુસાડી મોબાઈલની લૂંટ ચલાવી હતી. શુક્રવારની વહેલી સવારે બનેલી આ ઘટના બાદ ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક સારવાર માટે ૧૦૮ની મદદથી સુરત સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. જોકે ઘટનાની જાણ બાદ ઉધના પોલીસ દોડતી થઈ ગઈ હતી.

ઈજાગ્રસ્ત પોલીસને ફરિયાદ કરવાની ના પાડી અશ્વિનીકુમાર રમેશભાઈ રાયના પરિવારજનોએ જણાવ્યું હતું કે, અશ્વિની ૪ દિવસ પહેલા જ યુપીથી સુરત રોજગારીની શોધમાં આવ્યો હતો. ભાઠેના ખરવર નગરના જરીના કારખાનામાં કામનો પણ પહેલો જ દિવસ હતો. નાઈટ પાળીમાં કામે ગયા બાદ વહેલી સવારના અશ્વિની ચા પીવા નીકળ્યો હતો. ત્યારે બાઈક સવાર બે ગુજરાતી ભાષા બોલતા યુવાનોએ તેની પાસે મોબાઈલ માંગી દાદાગીરી કરી હતી. પછી અચાનક પાછળથી ચપ્પુ ઘૂસાડી ભાગી ગયા હતા.

સુરતમાં ૨૨ ઉમેદવારોએ ફોર્મ ભર્યા

સુરત

આગામી તા. ૨૩મી એપ્રિલે યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત સુરત લોકસભા સંસદીય મતવિસ્તારની સામાન્ય ચૂંટણી માટે મતદાર વિભાગ માટે સાત દિવસના અંતે ૨૨ ઉમેદવારોએ ૩૪ ઉમેદવારીપત્રો ભરી ઉમેદવારી નોંધાવી હતી.

બેલેટ યુનિટ તેમજ વીવી પેટની ફાળવણી

સુરત

લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત સુરત જિલ્લાની ૧૬ વિધાનસભા મત વિભાગમાં મતદાન મથક માટે વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં પ્રથમ રેન્ડમાઈઝેશન અંતર્ગત ૫૪૨૧ બેલેટ યુનિટ, ૫૪૨૧ કંટ્રોલ યુનિટ અને ૫૫૬૭ વીવીપેટ ફાળવણી કરવામાં આવી છે.

દક્ષિણ આફ્રિકામાં બે ગુજરાતી યુવાનો પર લૂંટનાં બહાને હુમલો કરાયો

ભરૂચ

સાઉથ આફ્રિકાના કેપટાઉનમાં ભરૂચના બે યુવાનો પર નિગ્રોએ લૂંટના મામલે હુમલો કર્યો હતો. જેમાં બંને યુવાન ગંભીર થયા હતા. ભરૂચના મનુબર અને વલણ ગામના બે યુવાન વર્ષો પહેલા કેપટાઉનમાં ધંધાર્થે સ્થાયી થયા હતા.



મળતી માહિતી પ્રમાણે ભરૂચના મનુબર ગામે શેઠાણી સ્ટ્રીટ ખાતે રહેતા મહંમદ હસુનુદ્દીન દાઉદ માજા ૮ વર્ષ પહેલા રોજગારી અર્થે સાઉથ આફ્રિકાના કેપટાઉન ખાતે ગયા હતા. તેમની પત્ની તેમજ સંતાન મનુબર ખાતે જ રહે છે. બપોરના સમયે તે કેપટાઉનમાં આવેલી તેમની દુકાનમાં હતા. તે સમયે તેમની સાથે વલણ ગામનો સુફિયાન પણ ત્યાં જ કામ કરતો હતો. તે સમયે એક નિગ્રોએ તેમની દુકાનમાં આવી લૂંટ ચલાવવાની કોશિશ કરી હતી.

તેઓ દુકાનમાંથી સામાન તેમજ રૂપિયાની લૂંટ ચલાવતી વખતે જમીન પર ફાયરિંગ કરતા ગોળી જમીનમાં અથડાઈ ઉછળીને મહંમદ હસુનુદ્દીન દાઉદ માજાના પગમાં વાગી હતી. જેથી તે લોહીલુહાણ હાલતમાં ત્યાં જ પડી ગયો હતા. જ્યારે હુમલાખોરોએ સુફિયાનને પણ માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી ત્યાંથી નાસી છુટ્યાં હતા. સુફિયાને માથાના ભાગે પાંચ ટાંકા આવ્યા હતા. ભરૂચ ખાતે રહેતા તેમના પરિવારજનોને ઘટનાની જાણ થતા તેઓ ગભરાઈ ગયા હતા. તેમની હાલતને લઈને તેઓ ચિંતાતુર બન્યાં હતા. જોકે બન્નેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં બન્ને યુવાનોની હાલત સુધારા પર હોવાનું માલુમ પડતાં તેઓએ હાશકારો અનુભવ્યો હતો.

સુરત શહેર અને જિલ્લામાં ઠેર ઠેર ઈવીએમ અને વીવી પેટનું નિદર્શન

મતદાન અંગે મતદારોને કરાઈ રહ્યા છે જાગૃત

સુરત

આગામી તા.૨૩મી એપ્રિલના રોજ લોકસભાની સામાન્ય ચુંટણી અંતર્ગત ઈફસ અને ફફઁછ દ્વારા મતદાનની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

EVM અને VVPAT દ્વારા મતદાનની કામગીરી બાબતે વધુમાં વધુ મતદારો માહિતગાર થાય તે માટે સમગ્ર સુરત શહેર-જિલ્લામાં નિદર્શન કરીને મતદાર જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત આજરોજ સુરત શહેરના વરાછા રોડ તથા ઉમરપાડા તાલુકા મથકે EVM અને VVPAT નિદર્શન કરીને મતદારોને સમજ આપવામાં આવી હતી.

બેલેટ યુનિટમાં ચૂંટણી લડતા ઉમેદવારનું નામ અને તેના પક્ષનું પ્રતિક અને ઉમેદવારનો ફોટો છાપવામાં આવશે. અપક્ષ ઉમેદવારના કિસ્સામાં જે તે અપક્ષ ઉમેદવારનો ફોટો તેમજ તેઓને ફાળવવામાં આવેલા પ્રતિક છાપવામાં આવશે. મતદાર પોતાની પસંદગીના ઉમેદવાર સામેનું વાદળી બટન દબાવીને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. બેલેટ યુનિટ પરનું વાદળી બટન દબાવ્યા બાદ બેલેટ યુનિટની સાથે રાખવામાં આવેલ VVPATમાં સાત સેકન્ડ સુધી સ્લીપ દેખાશે. જેમાં મતદારે જેને મત આપેલ હશે તે ઉમેદવારનો ક્રમ નંબર, પ્રતિક અને નામ દર્શાવેલા હશે. જેના પરથી મતદાર પોતે આપેલ મતની ખરાઈ કરી શકશે.

વરિયાવ સ્થિત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ

સુરત

કવિ શ્રી અમૃત ઘાયલ પ્રા.શાળા ક. ૩૧૩, વરીયાવ-સુરત ઉપશિક્ષિકા જયાબેન પરમાર ૩૬ વર્ષની સુદીર્ઘ સેવાઓ પછી નિવૃત્ત થતાં આચાર્યા જીજ્ઞાસાબેન વિપુલભાઈ પટેલના પ્રમુખ સ્થાને તા.૧-૪-૨૦૧૯ના વિદાય સમારંભ યોજાયો હતો. આચાર્યબેને તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીની હાલ ઉપશિક્ષિકા દિમીબેન બાબરભાઈ પટેલે પુષ્પગુચ્છ, સ્મૃતિભેટ આપી બહુમાન કર્યું હતું. મુ.શિ.તથા ઉપ શિક્ષિકા બહેનોએ વિદાય થતા જયાબેન વિશે શાબ્દિક પ્રવચન કરી નિવૃત્ત જીવન સુખ, શાંતિ, આનંદ અને ભક્તિમય વીતે તેવી શુભેચ્છા પાઠવી હતી. એમણે ૧૭-૧૦-૮૩ થી કુંદિયાણા પ્રા.શાળાથી શરૂઆત કરી ત્યારબાદ ૧૦-૮-૮૫ના રોજ વરીયાવ પ્રા.શાળામાં હાજર થઈ આજદિન સુધી તેમની સેવાઓ મળી હતી.

આ પ્રસંગે ધો.૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ પણ યોજાયો હતો. જેમાં નેહાબેન પટેલ અને દિમીબેન પટેલે બાળકોને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે યોગાનુયોગ જયાબેન પરમારનો જન્મદિન હોય ધો.પના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ અલગ અલગ કેક લાવી રંગે ચંગે જન્મદિન ઉજવ્યો હતો. તમામ બાળકોને જયાબેન તરફથી નાસ્તાના ડબ્બા ભેટ સ્વરૂપે આપી નાસ્તો કરાવ્યો હતો. ધો.૮ના વિદ્યાર્થીઓને પણ સ્કૂલની શિક્ષિકા બહેનો તરફથી સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

ચૂંટણી ઓબ્ઝર્વરો દરરોજ સવારે મતદારો, રાજકીય પક્ષોને સાંભળશે

રજાના દિવસ સિવાઈ રજૂઆત કરી શકાશે

સુરત

લોકસભા સામાન્ય ચુંટણીમાં ૨૪-સુરત સંસદીય મતદાર વિભાગ માટે નિમાયેલા જનરલ ઓબ્ઝર્વર ડો.એન.મંજુલા(I.A.S.) (મો.૯૪૨૯૯ ૭૭૪૮૧) તથા શ્રીમતી શાલિની પાંડે (I.D.E.S.) (મો. ૯૪૨૯૯ ૭૭૪૮૯) સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન જાહેર રજાના દિવસો સિવાય સુરત સરકીટ હાઉસ, અઠવાલાઈન્સના પ્રથમ માળે કોન્ફરન્સ રૂમ ખાતે મતદારો, ઉમેદવારો અને રાજકીય પક્ષોની ચૂંટણીલક્ષી રજૂઆતો રૂબરૂ સાંભળશે.

નોંધનીય છે કે, જનરલ ઓબ્ઝર્વર ડો.એન.મંજુલા ૨૪-સુરત સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ ૧૫૫-ઓલપાડ, ૧૫૯- સુરત પૂર્વ, ૧૬૦-સુરત ઉત્તર, ૧૬૧- વરાછા રોડ, ૧૬૨-કરંજ વિધાનસભા વિસ્તારો માટે તેમજ શ્રીમતી શાલિની પાંડે ૧૬૬- કતારગામ અને ૧૬૭- સુરત પશ્ચિમ વિધાનસભા માટે સરકીટ હાઉસ ખાતે રૂબરૂ રજૂઆતો સાંભળશે તેમ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીની યાદીમાં જણાવાયું છે.

તંત્રી સ્થાનેથી...

લોન વધારે સસ્તી થશે

નવા નાણાંકીય વર્ષની પ્રથમ ત્રિમાસિક નાણાંકીય સમીક્ષામાં રિઝર્વ બેંકે પોતાની મુઠ્ઠી હજુ વધારે ખોલી છે. એટલે કે સતત બીજી વખત રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ક્રમમાં રેપ રેટ ઘટીને હવે છ ટકા થઈ ગયો છે. રેપો રેટ એ દર છે જેના પર તમામ બેંક પોતાના બિઝનેસ માટે રિઝર્વ બેંક પાસેથી નાણાં મેળવે છે. ફેબ્રુઆરીમાં જાહેર કરવામાં આવેલી નીતિમાં રેપો રેટ ૬.૫૦ ટકાથી ઘટાડીને ૬.૨૫ ટકા કરવામાં આવ્યો હતો. આરબીઆઈને રિટેલ મોંઘવારી કાબુમાં રહેવાનો વિશ્વાસ છે. જેથી તે વ્યાજદરમાં નરમી રાખી રહી છે. તેને આશા છે કે બે મહિનાની અંદર મુખ્ય વ્યાજદર અડધા ટકા નીચે લાવવામાં આવ્યા બાદ લોકો મોંઘી ચીજવસ્તુઓ અને ઘર ખરીદવા માટે આગળ આવશે. સાથે સાથે નવી માંગ ઉભી થશે. ંપનીઓ પોતાના રોકાણને વધારશે. સાથે સાથે અર્થવ્યવસ્થામાં જોરદાર તેજી આવનાર છે. એમ કહી શકાય છે કે આરબીઆઈના ગવર્નર તરીકે શક્તિદાસનુ સંપૂર્ણ ધ્યાન રોકાણ પર કેન્દ્રિત છે. ફુગાવાને કાબુમાં રાખવા માટેના તેમના પ્રયાસો સફળ સાબિત થઈ રહ્યા છે. છેલ્લી નીતિ જારી કરવામાં આવ્યા બાદથી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલની કિંમતમાં ૧૦ ટકા સુધી વધારો થયો છે. પરંતુ વર્ષ ૨૦૧૯માં મોનસુન સામાન્ય રહેશે તેમ માનીને રિઝર્વ બેંકે વર્ષના મોંઘવારીમાં ઘટાડો કર્યો છે. તેના અંદાજમાં કાપ મુક્યો છે. વિકાસ દરના અંદાજમાં આરબીઆઈને ઘટાડો કરવાની ફરજ પડી છે. સતત બીજી વખત રિઝર્વ બેંક દ્વારા રેપોરેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૦૧૬માં આની રચના કરવામાં આવ્યા બાદ મોનિટરી પોલિસી દ્વારા બીજી વખત વ્યાજદરમાં ઘટાડો કરાયો છે. છેલ્લી ફેબ્રુઆરીની પોલિસી બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરીી ૬.૨૫ ટકા કરાયો હતો. એનપીસીએ ૨૫ બેઝિક પોઈન્ટનો રેટમાં ઘટાડો કરવા ૪-ધો હતો. રિવર્સ રેપોરેટમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. આની સાથે જ આ દર ૫.૭૫ ટકા થયો છે. કમિટિએ નાણાંકીય વર્ષ ૨૦૨૦ના જીડીપી ગ્રોથનો અંદાજ ૭.૨ ટકા આંકવામાં આવ્યો છે. સીપીઆઈ ફુગાવો ૨.૪ ટકા રહ્યો છે. ૨૦૧૮-૧૯ના ચોથા ત્રિમાસિક ગાળામાં સીપીઆઈ ફુગાવો વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ ગાળામાં ૨.૯થી ૩ ટકા રહ્યો હતો. એલએએફ હેઠળ પોલિસી રેપોરેટમાં ઘટાડો તાત્કાલિકરીતે અમલી કરવામાં આવ્યો છે. એમએસએફના દર અને બેંક રેટના દર ૬.૨૫ ટકાના દરે રહ્યા છે. આરબીઆઈની મોનિટરી પોલિસી કમિટિ દ્વારા આજે તેના પરિણામ ત્રણ દિવસની બેઠક બાદ જાહેર કર્યા હતા. મોનિટરી પોલિસી કમિટિએ રેટમાં કાપની તરફેણમાં ૪-૨ની બહુમતિથી નિર્ણય આપ્યો હતો. રિઝર્વ બેંક દર ત્રણ મહિનામાં આર્થિક નીતિઓની સમીક્ષા કરે છે. આ ગાળા દરમિયાન વ્યાજદરો અથવા તો પોલિસી રેટ ઘટાડવા અથવા વધારવાના સંદર્ભમાં નિર્ણય કરવામાં આવે છે. આ જાહેરાતની સાથે અમે વારંવાર રિવર્સ રેપોરેટ, રેપોરેટ, સીઆરઆર, એસએલઆર જેવા શબ્દો સાંભળીએ છીએ. બેંકોને પોતાના દરરોજના કામકાજ માટે એવી મોટી રકમની જરૂર હોય છે જેની અવધિ એક દિવસથી વધારેની હોતી નથી.

લોકો મોંઘા ઘર ખરીદવા લાગી જશે અને મોંગી ચીજોની માંગ વધશે : તેજી આવશે

લાઈટ, કેમેરા, એક્શન : ચૂંટણી વર્ષે અનેક ફિલ્મો રજૂ કરાઈ...

સિલ્વર સ્ક્રીન પર રાજકીય સ્ક્રિપ્ટ

લોકસભા ચૂંટણી નજીક આવી ત્યારે ભારતમાં રાજનીતિ પર આધારિત ફિલ્મ ઉરી ધ સર્જિલ સ્ટ્રાઈક, ધ એક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર અને ઠાકરે રજૂ કરવામાં આવી હતી. હવે પીએમ નરેન્દ્ર મોદીની ભારે ચર્ચા છે. આ ફિલ્મની રજૂઆતને લઈને હોબાળો થઈ ગયો છે. કારણ કે હાલમાં ચૂંટણી આચારસંહિતા અમલી રહેલી છે. આચારસંહિતાના ભંગ તરીકે ગણાવીને કેટલાક વિરોધ પક્ષોએ ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત પણ કરી દીધી છે. ચૂંટણી પંચ અને હાઈકોર્ટ બાદ હવે આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે. આ ફિલ્મ મુળ રીતે પાંચમી એપ્રિલના દિવસે રજૂ કરવાની યોજના હતી. જો કે આજે આ ફિલ્મ રજૂ કરી શકાઈ ન હતી. હવે આ ફિલ્મ કઈ તારીખે રજૂ કરવામાં આવનાર છે તે અંગે હાલમાં કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. પ્રમુખ વિરોદ પક્ષ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીના જીવન પર આધારિત ફિલ્મ માય નેમ ઈઝ રાગા ફિલ્મનુ ટ્રેલર ફેબ્રુઆરીમાં રજૂ કરવામાં આવ્યા બાદ તેની પણ ચર્ચા જોવા મળી રહી છે. રૂપેશ પૌલ નિર્દેશિત આ ફિલ્મ અશ્વિની કુમાર મુખ્ય રોલમાં છે. જ્યારે ઓમંગ કુમાર દ્વારા નિર્દેશિત ફિલ્મમાં વિવેક ઓબેરોય મોદીના રોલમાં છે. આ ફિલ્મનુ નામ પીએમ નરેન્દ્ર મોદી છે. પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની લાઈફ પર આધારિત ફિલ્મ ધ તાશ્કન્ત ફાઈલ્સ પણ ચાહકોને રોમાંચિત કરવા માટે તૈયાર છે. આ ફિલ્મ દેશના પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીના મૃત્યુ પર સવાલને ઘેરી લેતી ફિલ્મ છે. નિર્દેશક વિવેક અગ્નિહોત્રીની આ પિલ્મ ૧૨મી એપ્રિલના દિવસે રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મમાં હજૂ સુધી રહસ્ય તરીકે રહેલા કેટલાક



નરેન્દ્ર મોદી પર વેબસીરીઝ પણ બની ચુકી છે : પીએમ નરેન્દ્ર મોદી હાલમાં અટવાઈ : રાજનેતાઓ પર ફિલ્મને લઈને ઘમસાણ તેજ

પુરાવા રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મ ૧૨મી એપ્રિલના દિવસે દેશમાં રજૂ કરવામાં આવનાર છે. જાણકાર લોકો કહે છે કે ધ એક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર વિશ્વમાં ૩૧ કરોડ રૂપિયાથી વધારેની આવક ઉભી કરી શકી હતી. જ્યારે બાલ ઠાકરેની લાઈફ પર બનેલી ફિલ્મ ઠાકરે ૩૧ કરોડથી વધારેની કમાણી કરી શકી હતી. હવે મોદીની વેબસીરીઝ પર રજૂ થવા જઈ રહી છે. મોદી ધ જર્ની ઓફ કોમનમેન નામથી સીરીઝ શરૂ થઈ રહી છે. ૧૦ એપિસોડની આ સિરિયલ અને વેબસીરીઝ માટ સ્ટ્રીમિંગ ટુંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે. ઉમેશ શુક્લા દ્વારા નિર્દેશિત સીરિઝમાં ફેસલ ખાન, આશીશ શર્મા અને મહેશ ઠાકુરે મોદીના જીવન પર ત્રણ જુદા જુદા તબક્કાના રોલ અદા કર્યા છે. વિતેલા વર્ષોમાં ગુલઝાર દ્વારા નિર્દેશિત સુચિત્ર સેન અભિનિત ફિલ્મ આંધી વર્ષ ૧૯૭૫માં રજૂ કરવામાં આવી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી. ફિલ્મમાં સુચિત્રા સેને મુખ્ય ભૂમિકા અદા કરી હતી. જો કે રજૂ રવામાં આવ્યા બાદ છ સપ્તાહ બાદ પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો હતો. ગુલઝારની ફિલ્મમાં એ વતે એવો આરોપ થયો હતો કે આ ફિલ્મ ઈન્દિરા ગાંધી પર આધારિત હતી. વર્ષ ૧૯૭૭માં આ ફિલ્મ ફરી રજૂ કરવામાં આવી હતી. ઈમરજન્સી ૧૯૭૫થી લઈને ૧૯૭૭ સુધી પટથા પર આધારિત ફિલ્મ ઈન્દુ સરકાર ૨૦૧૭માં બારે વિવાદમાં રહી હતી. હજુ પણ રાજકીય નેતાઓ પર ફિલ્મો તૈયાર કરવામાં આવી રહી છે. હવે પૂર્વ મુખ્યપ્રધાન જયા પર આધારિત ફિલ્મ તૈયાર કરવામાંમ આવી રહી છે. જેમાં જયાની ભૂમિકામાં કંગના નજરે પડનાર છે. જયાની બીજી બાયોપિક પણ બની રહી છે. જેનુ નામ ધ આયરન લેડી રાખવામાં આવ્યુ છે. તેલુગુ દેશ પાર્ટીના સ્થાપક એનટી રામારાવ પર પણ ફિલ્મ બની ચુકી છે. એમ કહેવામાં આવી રહ્યુ છે કે હવે બહુજન સમાજવાદી પાર્ટીના નેતા માયાવતી પર પણ ફિલ્મ બનાવવા માટેની તૈયારી કરવામાં આવી છે. નિર્દેશક સુભાષ કપુર ફિલ્મ બનાવી શકે છે. ફિલ્મમાં માયાવતીની ભૂમિકા વિદ્યા બાલને આપવાની હિલચાલ ચાલી રહી છે.

માવી વી રાઘવની આ વર્ષે રજૂ કરવામાં આવેલી ફિલ્મ આંધ્રપ્રદેશના બે વખતના મુખ્યપ્રધાન રહેલા વાયએસ રાજશેખર રેડ્ડીની પદયાત્રા પર આધારિત હતી. જેમા સુપરસ્ટાર મમુટીની ભૂમિકા હતી.

ખેતી સાથે જોડાઈ સારી કેરિયર ન બનાવી શકાય તેવી ગણતરી ખોટી

એગ્રીકલ્ચરમાં કેરિયર બનાવી શકાય

સામાન્ય રીતે એવી માન્યતા છે કે ખેતી સાથે જોડાઈને કેરિયર બનાવી શકાય નહી. જો કે આ પ્રકારની ગણતરી ખોટી છે. કારણ કે કૃષિ સાથે જોડાઈને પણ સારી કેરિયર બનાવી શકાય છે. કૃષિ સંબંધિત અભ્યાસને પૂર્ણ કરી લીધા બાદ તમે સીધી રીતે ખેતી અથવા તો તેની સાથે જોડાયેલી ગતિવિધીમાં સામેલ થઈ શકાય છે અને કૃષિ ક્ષેત્રમાં સારી કેરિયર બનાવી શકાય છે. આમાં સુવર્ણ તક રહેલી છે. ઝડપથી બદલાઈ રહેલા સમયની સાથે સાથે લોકોની વિચારધારા પણ હકારાત્મક રીતે બદલાઈ રહી છે. કેટલાક વર્ષો પહેલા સુધી દેશના યુવાનો અભ્યાસને લઈને માત્ર એન્જિનિયરિંગ અને મેડિકલ સુધી જ વિચારતા હતા પરંતુ હવે સમય બદલાઈ ગયો છે. અન્ય ક્ષેત્રોમાં પણ કેરિયર બનાવી શકાય છે. પહેલા એન્જિનિયરિગ અને ડોક્ટરી તરફ જ ભાગતા હતા. યુવાનો હવે કૃષિ અને અન્ય લગતા ક્ષેત્રોમાં પણ અભ્યાસ કરી રહ્યા છે. ભારત એક કૃષિ પ્રધાન દેશ છે. ૭૦ ટકા વસ્તી કૃષિ પર આધારિત છે. તેમની આજીવિકા કૃષિ પર આધારિત છે. આજે પણ મોટા ભાગના પરિવાર કૃષિ પર આધારિત રહે છે. ભારતની અર્થવ્યવસ્થામાં પણ કૃષિની ભૂમિકા સૌથી મોટી રહેલી છે. રિસર્ચ અને ઈનોવેશનના કારણે ખેતીની હદ વધી ગઈ છે. પારંપરિક રીતે ખેતી ઉપરાંત હવે આધુનિક રીતે ખેતી થવા લાગી ગઈ છે. પોલ્ટ્રી ફાર્મિંગ, કૃષિ જૈવ ટેકનોલોજી અને હોર્ટિકલ્ચર, ડેયરી તેમજ અન્ય ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓ રસ લઈ રહ્યા છે. કૃષિ ઉત્પાદનના વિષય પર સતત ચર્ચા થઈ રહી છે. એગ્રી કલ્ચર સાથે જોડાયેલા અનેક કોર્સ રહેલા છે. જેમાં એગ્રીકલ્ચર સર્ટિ કોર્સ સામેલ છે. ૧૦માં અને ૧૨ ધોરણ બાદ વિદ્યાર્થીઓ એગ્રીકલ્ચર સર્ટિ



કૃષિ સાથે સંબંધિત અભ્યાસ પૂર્ણ કરીને સીધી રીતે ખેતી અને સંબંધિત ગતિવિધી સાથે જોડાઈ શકાય છે અને કેરિયર બનાવી શકા છે

કોર્સમાં બાગ લઈ શકે છે. આના માટે કોર્સની અવધિ એક બે વર્ષની હોય છે. સર્ટિફિકેટ ઈન એગ્રીકલ્ચર સાયન્સ અને સર્ટિફિકેટ ઈન ફુડ બેવરીજ સર્વિસ તેમજ સર્ટિફિકેટ ઈન બાયો ફર્ટિલાઈજર પ્રોડક્ટસ કોર્સ રહેલા છે. એગ્રીકલ્ચર ડિપ્લોમાં કોર્સ કરવામાં આવ્યા બાદ કેટલીક સારી નોકરી મળી શકે છે. ૧૦મા અને ધોરણ ૧૨ પૂર્ણ કર્યા બાદ ડિપ્લોમાં કરવામાં આવી શકે છે. આ કોર્સની અવધિ સામાન્ય રીતે ત્રણ વર્ષની હોય છે. પરંતુ સંસ્થાન અને કોર્સના પ્રકારના આધાર પર આ કોર્સ કેટલીક જગ્યાએ ૧-૩ વર્ષમાં પણ થાય છે. ડિપ્લોમા ઈન એગ્રીકલ્ચર, ડિપ્લોમાં ઈન એગ્રીકલ્ચર એન્ડ અલાઈડ પ્રેક્ટિસ જેવા કોર્સ પણ રહેલા છે. બેચલર ઓફ સાઈસ બીએસસી કોર્સ રહેલા છે. આ કોર્સ ત્રણ વર્ષ સુધી ચાલે છે. સાઈન્સ સાઈડથી ૧૨માં પાસ થયેલા વિદ્યાર્થીઓને આમાં તક મળી શકે છે. બીએસસી ઈન એગ્રીકલ્ચર, બીએસઈ ઈન ક્રોપ સાઈકોલોજી, બીએસસીઈન ડેયરી સાયન્સ, બીએસસી ઈન ફિશરીજ સાયન્સ અને બીએસસી ઈન પ્લાન્ટ સાયન્સ જેવા કોર્સ રહેલા છે. સ્તાનક કોર્સ પણ રહેલા છે. જેમાં બીઈ અથવ તો બીટેક કાર્યક્રમ સામેલ છે. જેએન્જનિયરિંગ ડિગ્રી પાઠ્યક્રમ છે. આશૈક્ષણિક કાર્યક્રમ ચાર વર્ષ સુધી ચાલે છે. આના માટે પણ ૧૨ ધોરણમાં સાયન્સ સાથે ઉમેદવાર પાસ હોય તે જરૂરી હોય છે. કોર્સમાં બીઈ અતવા તો બીટેક ઈન એગ્રીકલ્ચર એન્જિનિયરિંગ , બીટેક ઈન એગ્રી ઈન્ફોર્મેશન કોર્સ સામેલ છે. બીટેક ઈન એગ્રી એન્ડ ફુડ એન્જિનિયરિંગ અભ્યાસક્રમ સામેલ છે. એગ્રીકલ્ચર કોર્સ કરવા માટે દેશમાં કેટલીક સરકારી અને બિન સરકારી કોલેજ રહેલી છે. પંજાબમાં એગ્રીકલ્ચર યુનિવર્સિટી લુધિયાના, ખાલસા કોલેજ અમૃતસર, લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી કૃષિના ક્ષેત્રમાં ઉલ્લેખનીય નામ ધરાવે છે. આ અભ્યાસક્રમને પૂર્ણ કર્યા બાદ સરકારી અનેબિન સરકારી ક્ષેત્રમાં કામ કરી શકો છો. આમાં વ્યાપક નોકરીની તક રહેલી છે. સારા પગાર પણ આ ક્ષેત્રમાં અભ્યાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ માટે રહેલા છે. એગ્રીકલ્ચર એન્જિનિયરિંગ, વોટર રિસોર્સ મેનેજમેન્ટ, ફોરેસ્ટ્રી, ફુડ પ્રોસેસિંગ, રૂરલ ડેવલપમેન્ટ, મશીન ડેવલપમેન્ટ જેવા ક્ષેત્રમાં સારી નોકરીની તક રહેલી છે. રિટેલ કંપનીઓ પણ સારા અને કુશળ લોકોને ખુબ સારા અને ઉંચા પગાર પર હાલમાં નોકરી આપી રહી છે.

સાહસ સાથે આગળ આવો

હુમા કુરેશી બોલિવુડની આશાસ્પદ સ્ટાર પૈકીની એક સ્ટાર છે. તે જુદા જુદા ક્ષેત્રોમાં પોતાની કુશળતા સાબિત કરી ચુકી છે.ફેમિનિઝમ એટલે કે ચૂંટણીનો અધિકાર માનનાર હુમા કુરેશી આજે એક પછી એક સફળતા પોતાની કેરિયરમાં હાંસલ કરી રહી છે. હુમા કહે છે કે આજના સમયમાં મહિલાઓને દરેક ક્ષેત્રમાં આગળ વધવાની પૂર્ણ તકો મળી રહી છે. પુરૂષોની સરખામણીમાં તેને તમામ અધિકાર મળી રહ્યા છે. જે મહિલાઓની મોટી જીત સમાન છે. હુમા સાફ રીતે માને છે કે મુદ્દા વધારે પડતા મોટા થાય તેની રાહ શા માટે જોવી જોઈએ. તેનુ કહેવુ છે કે અમારામાંથી મોટા ભાગના લોકો એક ચોક્કસ મર્યાદામાં બંધાયેલા રહે છે. અમે રોજ અખબાર વાંચીએ છીએ અને ટીવી નિહાળીએ છીએ. જેથી અમને અમારી આસપાસ બની રહેલી ઘટનાઓ અંગે માહિતી મળતી રહે છે. દુનિયામાં કેટલુ બધુ થઈ રહ્યુ છે પરંતુ અમને માહિતી હોતી નથી. દુનિયામાં હવે કેટલીક એવી બાબત પણ બની રહી છે જે ન બનવી જોઈએ. પરંતુ અમે તેના સંબંધમાં કઈ પણ કરતા નથી. અમને લાગે છે કે હજુ અમારે નોકરી પર જવુ છે. એટલુ કામ છે કે ક્યાં આવા ચક્કરમાં પડીએ અને સમય વ્યર્થ કરીએ. કેટલીક વખત સોશિયલ મિડિયામાં પોતાના અભિપ્રાય લખીને પોતાની જવાબદારી અદા પણ કરી લઈએ છીએ. પરંતુ આ એવી જ ચીજો હોય છે જે અમારા પોતાના જીવનને પણ પ્રભાવિત કરે છે. ત્યારે અમને એવુ લાગે છે કે આની સામે અમને લડવાની જરૂર હતી. કોઈ પણ વ્યક્તિને કોઈ ખરાબ બાબત પોતાની સાથે ઘટે તે બાબતની રાહ શા માટે જોવી જોઈએ. જે પણ ચીજો સમાજ અને આસપાસ ખોટી છે તેની સામે અવાજ ઉઠાવવાની જરૂર છે. જો ખોટી ચીજ છે તેની સામે શરૂઆતમં અવાજ ઉઠશે નહી તો તે ચીજો આગળ ચાલીને મોટી બની જશે. તેનુ કહેવુ છે કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં અભિનેત્રીનુ મહત્વ પહેલાથી જ ખુબ ઓછુ દર્શાવવામાં આવ્યુ છે. હુમા કુરેશીનુ કહેવુ છે કે ફિલ્મોમાં અભિનેત્રીનુ કામ માત્ર હિરોની બાજુમાં ઉભા રહેવા સુધી રાખવામા આવ્યુ છે. જો કે હવે સ્થિતીમાં સુધારો થઈ રહ્યો છે. હુમાનુ કહેવુ છે કે હવે સ્થિતી ઝડપથી બદલાઈ રહી છે. તેના સમયની કેટલીક અભિનેત્રી અને નિર્દેશકો હવે પોતાના સારા કામના કારણે ફિલ્મોમાં મહિલાઓની ભૂમિકા મજબુત કરી રહ્યા છે. મહિલાઓ અને પુરૂષો વચ્ચે ભેદભાવને લઈને તે પહેલાથી જ પ્રશ્નો કરતી રહી છે.

પર્યાવરણમાં રસ ધરાવતા લોકો માટે કેરિયર બનાવવાની તક...

પર્યાવરણ ક્ષેત્રે કેરિયર બનાવી શકાય

**દુનિયાભરને ગ્રીન બનાવીને આ ક્ષેત્રમાં કેરિયર પણ બનાવી શકાય છે. જાણકાર શિક્ષણશાસ્ત્રી કહે છે કે જો આપને પર્યાવરણને લઈને અભૂતપૂર્વ પ્રેમ છે તો આ ફિલ્ડમાં સફળ કેરિયર બનાવી શકાય છે. શુ તમે જાણો છો કે અલનીનોના પ્રભાવથી વરસાદના પેટર્નમાં ફેરફાર જોવા મળે છે. સ્વાભાવિક છે કે આ કુદરતી પ્રભાવને વાંચવા અને સમજવા માટે કેટલીક મશીનરી, શોધ કરનાર લોકો અને સંગઠનોની જરૂર હોય છે. અનેક બિન સરકારી સંગઠન અને સ્વંયસેવી સંગઠન પણ આ કામ માટે તાલીમ પામેલા કુશળ લોકોની શોધમાં રહે છે. જે લોકોને વનસ્પતિ શાસ્ત્રમાં શોધ, વન્ય જીવનથી પ્રેમ અને વન્ય વિસ્તારોમાં ફરવા માટેનો રસ ધરાવે છે તે યુવાનોએ ચોક્કસપણે આ ક્ષેત્રમાં આગળ વધવાની જરૂર છે અને ક્ષેત્રમાં કેરિયર બનાવવાના પ્રયાસ કરવા જોઈએ. પર્યાવરણના ક્ષેત્રમાં કેરિયર બનાવવા માટે કેટલાક વિકલ્પ રહેલા છે. સિલ્વી કલ્ચરની વાત કરવામાં આવે તો તે સારા કેરિયરની સાથે સંબંધિત છે. વન્યોના મેનેજમેન્ટ, જાળવવી અને સંરક્ષણની નીતિ બનાવવામાં સિલ્વી કલ્ચરની ભૂમિકા રહેલી હોય છે. કલ્ચર નિષ્ણાંતની ભૂમિકા ચાવીરૂપ હોય છે. સિલ્વી કલ્ચર માટે સૌથી વધારે તક સરકારી વિભાગો અથવા તો એજન્સીમાં મળે છે. જ્યારે કેટલીક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય બિન સરકારી સંગઠન પણ હવે તક આપવા લાગી ગયા છે. સિલ્વી કલ્ચરના નિષ્ણાંતો માટે કેટલાક અવસર રહેલા છે તેમાં પર્યાવરણ પ્લાનર, પર્યાવરણ સંયોજકો, પર્યાવરણ પ્રોગ્રામ નિષ્ણાંત, વન્ય મેનેજમેન્ટ , વન્ય સોધ સહાયક અને વરિષ્ઠ ફેકલ્ટીનો સમાવેશ થાય છે. વન્યોના મેનેજમેન્ટ અથવા તો પ્રબંધનની જવાબદારી સામાન્ય રીતે તો સરકારી વિભાગોના હાથમાં હોય છે. પરંતુ આજકાલ આ ક્ષેત્રમાં અનેક બિન સરકારી સંગઠન પણ કામ કરી રહ્યા છે. કેટલીક કંપનીઓ પણ લાકડાના ઉત્પાદનમાં સામેલ છે. આ તમામ કંપનીઓને વન્ય પ્રબંધકોની ખુબ વધારે જરૂર હોય છે. આ વિષયમાં પર્યાવરણ પ્લાનર, પર્યાવરણ પ્રોગ્રામ નિષ્ણાંતની જરૂર હોય છે. જુદા જુદા પ્રકારના પશુના પ્રબંધન અથવા તો જાળવણીને લઈને જોડાયેલા કામ ઉપયોગી હોય છે. આમાં પણ નિષ્ણાંત લોકોની જરૂર હોય છે. આવા કામ કરવા માટે તાલીમ પામેલા ક્યુરેટરોની મોટા પાયે જરૂર હોય છે. આમાં કોઈ ખાસ પશુ અથવા તો પશુ વર્ગને લઈને સ્પેશિયાલિસ્ટ પણ બની શકાય છે. જુ ક્યુરેટર, વૈજ્ઞાનિક અને શોધ કરનાર હોઈ શકે છે. આ ક્ષેત્રમાં મળનાર પોસ્ટ બાયો ડાયવર્સિટી સહાયક, જુ કિપર, કેયર ટેકર, હોર્ટિકલ્ચર સહાયક અને વરિષ્ઠ જુ ક્યુરેટર તરીકેની હોય છે. આમાં સારા પગાર ધોરણ પણ હોય છે. એન્ટોમોલોજી જંતુ અભ્યાસના વિષય તરીકે છે. જેમાં કિટ બર્મિન, માકડા અને અન્ય જીવજંતુ પર અભ્યાસ કરવામાં આવે છે. તે જીયોલોજીના એક શાખા તરીકે છે. તેમાં માર્ફોલોજી, ફિજિયોલોજી, ટેક્સોનોમી, જીનેટિવ, ઈકોલોજી, અને ન્યુટ્રીશનની પણ વાત કરવામાં આવે છે. એન્ટોમોલોજીમાં સારી કેરિયર બનાવી શકાય છે. આ ક્ષેત્રમાં ઈચ્છિત વેતન મેળવી શકાય છે. આ વિષય ખાસ છે. જેથી તેમાં નિષ્ણાંતોના હોદ્દાની સંખ્યા મર્યાદિત છે. પર્યાવરણ ક્ષેત્રે કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ રહેલી છે. જેમાં વાયએસ પરમાર યુનિવર્સિટી ઓફ હોર્ટિકલચર સામેલ છે. જે સોલનમાં છે. આ ઉપરાંત વારાણસી હિન્દુ યુનિવર્સિટી વારાણસી, જવાહર લાલ નહેરુ એગ્રીકલચર કોલેજ જબલપુર, ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ફોરેસ્ટ મેનેજમેન્ટ ભોપાળ, પંજાબ યુનિવર્સિટી, મનિપાલ એકેડમી ઓફ હાયર એજ્યુકેશન, તમિળનાડુ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ દહેરાદુન, બિરપસા એગ્રીકલ્ચર યુનિવર્સિટી રાંચી, યુનિવર્સિટી ઓફ હૈદરાબાદ, એન્ટોમોલોજી રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ , લોયોલો કોલેજ ચેન્નાઈ, વેક્ટર કન્ટ્રોલ રિસર્ચ સેન્ટર પોન્ડિચેરીનો સમાવેશ થાય છે. પર્યાવરણના ક્ષેત્રમાં કુશળ લોકોની વ્યાપક જરૂરીયાત રહેલી છે. જેથી સારી કમાણીના સાધન તરીકે પર્યાવરણ ક્ષેત્રમાં કેરિયર સાબિત થઈ શકે છે. સમગ્ર વિશ્વમાં પર્યાવરણને લઈને જાગૃતિ આવી રહી છે.



કુદરતી પ્રભાવને સમજવા અને વાંચવા માટે કેટલીક મશીનરીનો ઉપયોગ વધારે અસરકારક અને ફાયદાકારક સાબિત થાય છે

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
- સીઝનલ આઇટમ જેવીકે ચીકી, શીયાળુ મીઠાઇ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- ડ્રાય ફરસાણ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- પાર્ટી ઓર્ડર સ્વીકાર્ય (૫૦ થી ૭૦ માણસ સુધી)
- હોમ ડિલિવરી સર્વિસ ચાલુ છે.

Free Home Deliver

Tiffin Rs.80/-

Mo. 8160275876 / 9426387071

---

the next big thing

URMI

INVESTMENT CONSULTANCY
CREATING WEALTH SINCE 1999

અનેક નહી
એક
INDIA, INVESTMENT AND I

#Sapno_ se_Haqeeqat_Tak

2200 दिन मे. .

મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ ? પરંતુ
શું આપનો Portfolio સહી હૈ ?
SWACHH PORTFOLIO ABHIYAN

૨૦૨૫ ને ધ્યાનમાં રાખીને આપના PORTFOLIO ને સ્વચ્છ કરાવો.

- નવા PAN કાર્ડ
- URGENT PAN કાર્ડ
- PAN કાર્ડમાં સુધારો
- 15 વર્ષના અનુભવી

B.Com. Computer જાણકાર જોઈએ છે.
F.Y., S.Y., T.Y. વાળા પણ સંપર્ક કરી શકે છે.

વીલ બનાવવા માટે સંપર્ક કરો.
CUSTOMER CARE : 8200434554

વધુ માહીતી માટે સંપર્ક કરો.

સરનામું : ૨૪-૨૫, પહેલો માળ, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૨૪૨૫૨૫, ૨૬૭૭૭૮

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય સીતારામ ॥ ॥ શ્રી આશાપુરી માતાય નમઃ ॥

જય જગન્નાથ એગ્રોટેક

૬, કિશ્ના કોમ્પ્લેક્ષ, માર્કેટ યાર્ડ સામે, હાઈવે રોડ, બાવળા. જિ. અમદાવાદ.
કનુભાઈ એસ. પ્રજાપતિ
Web : jayjagannathagrotech.com
Email : jayjagannathagro@gmail.com
9714 115 115 મો. 94273 60548, 91572 30464

ખેતીને લગતા ટ્રેક્ટર સંચાલિત આધુનિક-વૈજ્ઞાનિક સાધનોના ડીલર

ટોકરી મોડલ ૪૦ એચ.પી. ટ્રેક્ટર
પંજાબનું (હેવી) ઘઉં-ચણાનું
સબસીડીપાત્ર ઓટોમેટિક થ્રેશર
(ઘઉં, તુવેર, સોયાબીન, જુવાર, બાજરી, ચણા - ૨૨ જાતના પાક)

સ્પે. મગફળી થ્રેશર
સબસીડીપાત્ર (લીલી-તાજી મગફળીનું થ્રેશર)

મગફળી ડિગર
સબસીડીપાત્ર મગફળી ઉખાડવાનું

ટ્રોલી
ટ્રેક્ટર કંબાઈન્ડ થ્રેશર/હાર્વેસ્ટર
સબસીડીપાત્ર ૬ ફૂટ ૭૬૨

હાર્વેસ્ટર (ભીની તથા ભોંયુ)
(સ્વરાજ તથા અન્ય પંજાબના કોઇપણ હાર્વેસ્ટર)
સબસીડીપાત્ર ૫૨-૧૨-૧૪ ફૂટ ૬૨૨

ચારણો કરતું
લસણ/ડુંગળીનું કટર
ટ્રેક્ટર - ઇલેક્ટ્રીક મોટર સંચાલિત (ભાંયુ/ભોંયુ)

ડીલર
મહિન્દ્રા રોટાવેટર (હેવી)
સબસીડીપાત્ર ૫- ૫.૫-૬ ફૂટ

ડીલર
કોમ્પ્યુટર પાવડો
લેઝર લેવલર (ગિયર - ડબલ ટ્રાય)
ઓટોમેટિક પલ્ટી - ડાલી સબસીડીપત્ર

૨, ૩, ૩.૫ ફૂટ
આંતરખેડ (પાવર વિડર)
હાથનું રાંપડા દેવાનું - ઢૂંઢવાનું
પેટ્રોલ તથા ડીઝલ (સબસીડી પાત્ર)

ટ્રોલી-ઢગલામાંથી ગોડાઉનમાં હુસેલ-ડૂલ-કુંવળ ભરવાનું બ્લોઅર, બંધારિયું, પંજાબનું સાદું રિવર્સ લોડર, પાવડો-રિવર્સ પાવડો, થ્રેર તથા બહારગામથી મોબાઈલ દ્વારા મોટરપંપ ચાલુ-બંધ કરવાનું મશીન, બેટરી શોટ-ઝટકા તાર ફેન્સીંગ, થાપ કટર (પૂળા કાપવાનું) તથા અન્ય ખેતીકામને લગતા તમામ પ્રકારના સાધનો મળશે.

ચાલુ કામનો વિડિયો વોટ્સએપ/વેબસાઈટ/યુટ્યુબ પર જોવા મળશે. | ટૂંક સમયમાં હાર્વેસ્ટરના સ્પેરપાર્ટ્સ મળશે.

ખેડૂતોએ ખેતીકામના કોઈપણ સાધનો ખરીદતાં પહેલાં એક વખત ફરુરુ મુલાકાત અવશ્ય લેવી.

જૂનું છોડો... નવું અપનાવો... આગળ વધો... પ્રગતિ કરો... ખેડૂતનાથ એ જ જગન્નાથ

અખંડ ભારત રહો
અહિંસા પરમો ધર્મ

વિષ્ણુ સુદર્શન જ્યોતિષ

જીઓ ઔર જીને દો

Guarantee for Solution and Privacy All World Open Challange

૪૦ વર્ષના અનુભવી શ્રી રાજગુરૂજી દેશ-વિદેશમાં પ્રખર ૪ પેઢીથીસેવા આપનાર.

દેશ-વિદેશમાં લેતા ભાઈ-લહેનો ઘેરબેઠા કોયડો કામ કરાવી શકે છે ૧૮ ગોલ્ડમેડાલિસ્ટ, ફોરેન રીટર્ન, વર્લ્ડ ફેમસ એકવાર ફોન કરો લાભ લો.

વિશેષ : શેર-સટ્ટા, લોટરી, હોટલ, મોટેલરેસ્ટોરન્ટ, ટી.વી. ફિલ્મલાઈનમાં કામ, કેરીયરબ્લોકેજ, ફસાયેલા નાણાં, દારૂ-ડ્રગ્સ છોડાવો, દેશ-વિદેશની એ ટુ ઝેડ ગુપ્ત તમસ્યા, પતિ-પત્ની સેક્સ્યુલ પ્રોબ્લેમ, તંતાણાતિ, નબળાઈ, કમજોરી, અશાંતિ, ગુપ્ત રોગ તમસ્યા, લેસ્બિયન, ગે, હોમો સેક્સોનશીપ, પ્રેમી-પ્રેમિકા સેટલમેન્ટ, લવપ્રોબ્લેમ, વશીકરણ, ધાર્યું કામ, સ્ત્રી-પુરુષ વશ, કુબ્જા મોહિની વશીકરણ, વિદેશ, વિઝા, વ્યસન, બિમારી ભૂતપ્રેત, ડર, ભય-સ્ટોપ, ગુપ્ત સેક્સ, મૂઠ શત્રુનાશ, સૌતનત્રાસ, ઘરેલું તમસ્યા, મેલીવિદ્યા, મૂઠ્યોટ, વશીકરણ, શત્રુવિજય તત્કાલીનનિવારણ તથા હસ્તમૈથુન, શીઘ્રપતન, સ્વપ્નદોષ, અંગત સૈક્સ સંબંધ, ખોડા વહેમ, આડા તાલંક, સ્વપ્ન કે ઈમ્પોટેન્સી માં વધારો, વિદેશ જવા ઈચ્છો છતાં વિઝા નથી મળતો વગેરે સમસ્યા માટે ખાસ મળો.

- શું તમે એજ્યુકેશનમાં નબળા છો ?
- તમને વ્યસન ની ટેવ છે ?
